સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૪ **પર્યાવરણ** **ઓગષ્ટ, ૨૦૨૦**

સમય : ૧ કલાક **કુલ ગુણ- ૨૫**

(અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતા ઓળખે છે. (જેમ કે ચાંચ, દાંત , પંજો , કાન , વાળ , માળો/રહેઠાણ વગેરે)

પ્રશ્ન-૧ નીચે આપેલ પ્રાણીઓનું, કોષ્ટકમાં બંધ બેસતી વિગત પ્રમાણે વર્ગીકરણ કરો. **(૫)**

પોપટ, સિંહ, ઉંદર, દેડકો, ઘોડો, ગાય, ઘુવડ, હંસ, ઘેટું, ગરોળી

કાન દેખાતા હોય તેવાં પ્રાણી/પક્ષી	કાન દેખાતા ન હોય તેવાં પ્રાણી/પક્ષી

અ.નિ. પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થ ળો (જેમ કે મેળાઓ, તહેવારો , ઐતિહાસિક સ્થળો)ને નોંધે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાની આગાહી કરે છે.

પ્રશ્ન-૨ માંગ્યા મુજબ જવાબ લખો.

(૧) રેલવે સ્ટેશન વિશે ત્રણ થી ચાર વાક્યો લખો. **(3)**

(૨) ઉડન ખટોલાની મુસાફરી કરવા માટે તમારે કયા સ્થળની મુલાકાત લેવી પડશે? **(૧)**

(૩) હોડીમાં મુસાફરી કરવા માટે તમારે કેવા સ્થળે જવું પડશે? **(૧)**

અ.નિ. રોજિંદા જીવનમાં ખેતી, બાંધકામ, કલા અને હસ્તઉદ્યોગ વગેરેનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓ)ની ભૂમિકાનું મહત્વ વર્ણવે છે.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) મધમાખી ઉછેર દરમિયાન કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે? **(૨)**

(૨) રક્ષિત ગામમાં કઈ-કઈ સારી બાબતોનો સમાવેશ થાય છે? **(૨)**

(૩) તમે તમારા માતા કે પિતા પાસેથી કયું કામ કરતાં શીખ્યા છો? **(૧)**

અ.નિ. મોટા કે નાના સમૂહમાં રહે તાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુંટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) જૂથમાં રહેતાં ચાર પ્રાણીઓના નામ લખો. **(૨)**

(૨) રાણી મધમાખીનું કાર્ય જણાવો. **(૧)**

(૩) હાથીનું બચ્ચું કેટલા વર્ષ પછી ટોળું છોડી દે છે? **(૧)**

(૪) સિપાહી કીડીનું કાર્ય જણાવો. **(૧)**

અ.નિ. ગુણધર્મો અને ઘટનાઓનું અનુમાન કરે છે, પ્રમાણિત અને બિનપ્રમાણિત એકમો (જેમ કે કિલોગ્રામ, ગજ, પગલાં,ડગલાં, મીટર વગેરે) દ્વારા અવકાશી જથ્થા(અંતર,વજન,સમય)નો અંદાજ કાઢે છે તથા સાદા અને હાથવગા ઉપાય દ્વારા કાર્યકારણ સંબંધ ચકાસણી કરે છે.

પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નના જવાબ લખો

(૧) તમારા ઘરમાં કુલ કેટલા સભ્યો રહે છે? તમારા ઘરમાં એક દિવસમાં અંદાજિત કેટલા લીટર દૂધ વપરાય છે? **(૨)**

(૨) તમારી શાળા તમારા ઘરથી કેટલી દૂર આવેલી છે? તમે શાળાએ કઈ રીતે જાઓ છો? **(૨)**

(૩) તમને ઘરેથી શાળાએ જતાં અંદાજિત કેટલો સમય લાગે છે? **(૧)**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - ૪ પર્યાવરણ (આસપાસ) જાન્યુઆરી, ૨૦૨૧

સમય : ૧ કલાક કુલ ગુણ : ૨૫

[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]

અ.નિ. ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરિયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા (દા.ત. મૂળ સ્રોતથી ઘર સુધી, અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધિકરણ અને વપરાશ માટેની રીતો) સમજાવે છે.

પ્રશ્ન : ૧ ખેતીની પ્રક્રિયાનાં પગથિયાંને ક્રમમાં ગોઠવો અને તે પ્રક્રિયા માટે વપરાતા સાધન અથવા ઓજારનું નામ જણાવો. **(૫)**

દા.ત. ખેતર ખેડવું - હળ અથવા કોદાળી

(૧) નીંદવું

(૨) પાણી પાવું (પિયત)

(૩) અનાજ વાવવું

(૪) અનાજ પાકવું

(૫) અનાજ લણવું

અ.નિ. આસપાસ જોવા મળતી વનસ્પતિનાં મૂળ, ફૂલ અને ફળોનાં સાદાં લક્ષણોને ઓળખે.

પ્રશ્ન : ૨ નીચેના પ્રશ્નોના જવાબ ટૂકમાં લખો.

નીચે શાકભાજી અને ફળોની યાદી આપી છે. તેને 'જલદી બગડી જાય તેવાં' અને 'થોડા દિવસ સારાં રહી શકે તેવાં' વિભાગમાં વર્ગીકૃત કરો. **(૫)**

(શક્કરિયાં, સફરજન, ટમેટાં, સીતાફળ, સ્ટ્રોબેરી, સૂરણ, લસણ, પાલક, જામફળ, રીંગણ)

જલદી બગડી જાય તેવાં	થોડા દિવસ સારાં રહી શકે તેવાં

અ.નિ. પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ઓળખે છે. (દા.ત. ચાંચ/દાંત, પંજો, કાન, વાળ, માળા અને રહેઠાણ વગેરે)

પ્રશ્ન : ૩ નીચેના પ્રશ્નોના જવાબ ટૂકમાં લખો.

(૧) પક્ષીઓ પોતાના માળાનો ઉપયોગ શાના માટે કરે છે ? **(૧)**

(૨) સાપ પોતાનો ખોરાક કેવી રીતે લે છે ? **(૧)**

(૩) તમે જોયેલાં પક્ષીઓ પૈકી કોઈપણ ત્રણ પક્ષીઓનાં નામ લખી તેના માળાની વિશેષતા લખો. **(૩)**

અ.નિ. પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમકે મેળાઓ, તહેવારો ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

પ્રશ્ન : ૪ નીચે આપેલ માટે એક-એક તફાવત લખો. **(૫)**

ઉદા. દવાખાનું અને હોસ્પિટલ-

- દવાખાનું નાનું હોય છે અને ત્યાં સાદી સારવાર થાય છે.
- હોસ્પિટલ વધારે ઓરડાવાળી અને મોટી હોય છે તેમજ ત્યાં ઓપરેશન જેવી મોટી સારવાર થાય છે.

(૧) શેરીનું મકાન (બંગલો) અને ફ્લેટ

(૨) રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન

(૩) ગામડું અને શહેર

(૪) સીટીબસ અને એસ.ટી.બસ

(૫) રિવરફ્રન્ટ અને દરિયાકિનારો

અ.નિ. સ્વાસ્થ્ય તથા સ્રોતોના પુનઃ અને કરકસરયુક્ત ઉપયોગ અંગેના ઉપાયો સૂચવે છે અને વિવિધ સ્રોતોની કાળજી લે છે.

પ્રશ્ન : ૫ નીચેના પ્રશ્નોના જવાબ ટૂકમાં લખો.

(૧) પાણીનો મુખ્ય સ્રોત કયો છે ? **(૧)**

(૨) તમારી શાળામાં નળ ટપકે છે, તો તમે શું કરશો ? **(૨)**

(૩) માટલાં અથવા વાસણમાંથી ડોયા વગર પાણી લેવાથી શું થાય ? **(૨)**

સામયિક મલ્યાંકન કસોટી

ધોરણ-૪ **પર્યાવરણ (આસપાસ)** **ઓક્ટોબર, ૨૦૨૦**

સમય : ૧ કલાક **કુલ ગુણ: ૨૫**

(અ.નિ. અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

પ્રશ્ન- ૧ **નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.**

(૧) રેલવે સ્ટેશન પર કઈ કઈ સુવિધાઓ હોય છે? (૨)

(૨) ટ્રેનના પાટા હોય ત્યાં સડકમાર્ગ પર ફાટક શા માટે બનાવવામાં આવે છે? (૧)

(૩) વાપી થી અમદાવાદ જતી ટ્રેનમાં રસ્તામાં વચ્ચે આવતા શહેરોને ક્રમમાં ગોઠવો. (૧)
વડોદરા, નવસારી, સુરત, વલસાડ

(૪) રેલવે સ્ટેશન પર એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર જવા કઈ સુવિધા હોય છે? (૧)

અ.નિ. સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ/સિક્કા), રેલવે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-૨ નીચે આપેલ રેલવે સમયપત્રકનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ લખો.

સુવર્ણ જયંતિ રાજધાની એક્ષપ્રેસ

ક્રમ	સ્ટેશનનું નામ	પહોચવાનો સમય	ઉપડવાનો સમય	રોકાણ મિનિટમાં	અંતર કિલોમીટર	દિવસ
૧	અમદાવાદ જં.	-	૧૭:૪૦	-	૦	૧
૨	મહેસાણા	૧૮:૪૬	૧૮:૪૮	૨	૭૦	૧
૩	આબુ રોડ	૨૦:૪૫	૨૦:૫૦	૫	૧૮૭	૧
૪	અજમેર જં	૦૦:૫૫	૧:૦૦	૫	૪૯૨	૨
૫	જયપુર જં	૦૨:૫૦	૦૩:૦૦	૧૦	૬૨૭	૨
૬	ન્યુ દિલ્હી	૦૭:૩૦	-	-	૯૩૫	૨

(૧) ટ્રેઈનનું નામ શું છે? (૧)

(૨) ટ્રેઈને અમદાવાદ રેલવે સ્ટેશનથી આબુ રોડ પહોંચવા માટે કેટલો સમય લીધો હતો? (૧)

(૩) અજમેરથી ન્યુ દિલ્હીનું અંતર કેટલા કિલોમીટર છે? (૧)

(૪) ટ્રેઈને સૌથી વધારે રોકાણ કયા સ્ટેશન પર કર્યું? (૧)

(૫) ટ્રેઈનને કયા બે સ્ટેશન વચ્ચે સૌથી વધારે સમય લાગ્યો? (૧)

અ.નિ. મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (દા.ત. કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે કુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે.

પ્રશ્ન- ૩ નીચેના પ્રશ્નના જવાબ લખો.

(૧) તમારા કુંટુંબના સભ્યોની સંખ્યામાં ફેરફાર થઈ શકે એવાં ચાર કારણો જણાવો. (૨)

(૨) તમારા કુંટુંબમાં છેલ્લે લગ્ન થયા હોય તેમાં વર અને કન્યા બીજા બધાથી કઈ રીતે અલગ પડતા હતા તે જણાવો. (૨)

(૩) ધારો કે તમારા પિતાને નોકરી કે ધંધાના કારણે બહારગામ રહેવા જવાનું થાય તો તમારા ઘરમાં શું બદલાવ આવે? (૧)

અ.નિ. જોયેલ અને અનુભવેલ (શાળા/ પરિવાર/ પડોશની) બાબતો (જેમકે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ/ મધ્યા હ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળ અપમાન, સજા, બાળમજૂરી વગેરે) અંગે અભિપ્રાય આપે છે.

પ્રશ્ન- ૪ નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) પહેલાના સમયમાં છોકરીઓને કબડ્ડીની રમતથી શા માટે દૂર રાખતા હશે? (૨)

(૨) લંગડીની રમતમાં તમે દાવ લેવાનું પસંદ કરશો કે દોડવાનું? શા માટે? (૨)

(૩) તમારી શાળામાં રમતમાં કુશળ હોય તેવા કોઈ એક ખેલાડીનું નામ અને તે કઈ રમતમાં કુશળ છે તે જણાવો. (૧)

અ.નિ. અવલોકનક્ષમ લક્ષણો ને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. [દા.ત. દેખાવ (કાન, વાળ, ચાંચ, દાંત, ચામડી અને શરીરની સપાટી), પ્રાણી (પાલતું, જંગલી), વનસ્પતિ (ફળ, શાક, તેજાના અને બીજાંકુરણનો સમય), ઉપયોગ (ખાદ્ય, ઔષધિય, સુશોભન, અન્ય અને પુનઃઉપયોગ) લાક્ષણિકતાઓ (ગંધ, સ્વાદ, ગમો- અણગમો વગેરે)]

પ્રશ્ન- ૫ નીચેના પ્રશ્નના જવાબ લખો.

(૧) ત્રણ સુગંધી ફૂલોના નામ આપી તેના ઉપયોગો જણાવો. (૩)

(૨) ગુલાબની કળીમાંથી ફૂલ થતા અંદાજે કેટલા દિવસ લાગશે? (૧)

(૩) પીળા કલરના બે ફૂલોના નામ આપો. (૧)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૪ પર્યાવરણ તા.૨૪/૧૨/૨૦૨૧

સમયઃ ૧ કલાક કુલ ગુણઃ ૨૫

પ્રશ્ન:૧ (અ) આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

(૧) _____ પોતાનો ખોરાક ચાવીને ખાય છે.

(૨) _____ પોતાનો ખોરાક આખો ગળી જાય છે.

પ્રશ્ન:૧ (બ) આપેલાં પક્ષીઓ પોતાનો માળો ક્યાં બાંધે છે તે લખો. (3)

(૧) કાગડો (૨) કબૂતર (3) કંસારા પક્ષી

પ્રશ્ન:૨ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.

(૧) જુદાં-જુદાં પક્ષીઓ પોતાના કાર્ય કરવામાં પંજાનો ઉપયોગ કરતાં હોય તેવા ચાર કાર્યો લખો. (૨)

(૨) જુદાં-જુદાં પક્ષીઓ પોતાના કાર્ય કરવામાં ચાંચનો ઉપયોગ કરતાં હોય તેવા ચાર કાર્યો લખો. (૨)

(3) ફૂલસૂંઘણી પોતાનો માળો બનાવવા શેનો શેનો ઉપયોગ કરે છે? (૧)

પ્રશ્ન:3 આપેલ શાકભાજી અને ફળોનું 'જલદી બગડી જાય તેવાં' અને 'થોડા દિવસ સારાં રહી શકે તેવાં' શાકભાજી અને ફળોમાં વર્ગીકરણ કરો. (૫)

(શક્કરિયાં, ટામેટાં, તડબૂચ, ડુંગળી, આમળા, કોથમીર, ચીકુ, કોબીજ, દૂધી, જામફળ)

જલદી બગડી જાય તેવાં શાકભાજી અને ફળો	થોડા દિવસ સારાં રહી શકે તેવાં શાકભાજી અને ફળો

પ્રશ્ન:૪ પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) પાક ઉત્પાદન પ્રક્રિયાના પગથિયાં જણાવો. (3)

(૨) 'નીંદવું' એટલે શું? (૨)

પ્રશ્ન:૫ આપેલાં સાધનોના નામ આપી તેનો ખેતીમાં ઉપયોગ જણાવો. (૫)

૧

૨

3

૪

૫

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ. ક્રમાંક	વિધાન
1 અને 2	EV402	પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ઓળખે છે. (જેમ કે ચાંચ, દાંત, પંજો, કાન, વાળ, માળો, રહેઠાણ વગેરે)
3	EV408	અવલોકનક્ષમ લક્ષણોને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. (જેમ કે દેખાવ-કાન, વાળ, ચાંચ, દાંત, ચામડી અને શરીરની સપાટી; પ્રાણી-પાલતું, જંગલી; વનસ્પતિ-ફળ, શાક, કઠોળ, તેજાના અને ખોરાકનો જીવનકાળ/ટકાઉપણું; ઉદ્યોગ-ખાદ્ય, ઔષધીય, સુશોભન, અન્ય અને પુનઃઉપયોગ; લાક્ષણિકતાઓ-ગંધ, સ્વાદ, ગમો-અણગમો વગેરે)
4	EV406	ખોરાક, પાણી, કપડાં જેવી મૂળભૂત જરૂરીયાતોના ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયા સમજાવે છે. (જેમ કે મૂળ સ્રોતથી ઘર સુધી, અનાજનું ખેતરમાંથી બજારમાં અને ત્યાંથી ઘર સુધી પહોંચવું તથા સ્થાનિક જળસ્રોતમાંથી પાણીનું શુદ્ધિકરણ અને વપરાશ માટેની રીતો)
5	EV405	રોજિંદા જીવનમાં (ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે) કૌશલ્યોનું વર્ણન કરે છે તથા વડીલો પાસેથી મળતો વારસો અને તાલીમ (સંસ્થાઓની ભૂમિકા)નું મહત્વ વર્ણવે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : ૪ પર્યાવરણ તા. ૧૧/૦૨/૨૦૨૨

સમય : ૧ કલાક કુલ ગુણ : ૨૫

પ્રશ્ન:૧ જોડકાં જોડો. (૫)

(અ)	(બ)
(૧) લંગર	(૧) ગુરૂદ્વારા
(૨) કઢાહપ્રસાદ	(૨) મકરસંક્રાંતિ
(૩) ઊંધિયું	(૩) સાથે રસોઈ કરવી અને જમવું
(૪) ઉત્તરાયણ	(૪) બસ સ્ટેશન
(૫) મીઠાઈ	(૫) એક જાતનું શાક
	(૬) તિથિભોજન

પ્રશ્ન:૨ નીચે આપેલ શબ્દોનો કોઈ એક-એક તફાવત લખો. (૫)

(૧) દવાખાનું અને હોસ્પિટલ

(૨) રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન

(૩) ગામડું અને શહેર

(૪) પાકાં મકાન અને કાચાં મકાન

(૫) નળ અને હેન્ડપંપ

પ્રશ્ન:3 નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) તમારા ઘરમાં પાણી ચોખ્ખું કરવા શું-શું કરવામાં આવે છે? (૧)

(૨) ગંદું પાણી આપણા શરીરને કેવી રીતે નુકસાન કરે છે? (૨)

(3) શૌચાલય સ્વચ્છ રાખવા શું શું કરવું જોઈએ? (૨)

પ્રશ્ન:૪ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) જાહેર સ્થળોને આનંદદાયક અને આકર્ષક બનાવવા પાણીનો ઉપયોગ ક્યાં ક્યાં કરવામાં આવે છે? (૨)

(૨) પાણીનો બગાડ થતો અટકાવવા કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ? (૩)

પ્રશ્ન:૫ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) શાળામાં બાળકોને અપાતું ભોજન કયા નામે ઓળખાય છે? તેના બે ફાયદા જણાવો. (૩)

(૨) તમારી શાળામાં રિસેસમાં જમતી વખતે તમે કઈ પંક્તિ કે શ્લોકનું ગાન કરો છો? (૨)

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
૧ અને ૨	EV410	પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.
૩ અને ૪	EV415	સ્વચ્છતા અંગેના તથા સંસાધનોના કરકસરયુક્ત અને પુનઃઉપયોગ, પુનઃનિર્માણ અંગેના ઉપાયો સૂચવે છે. વિવિધ સજીવો (જેમ કે વનસ્પતિ, પ્રાણીઓ, વડીલો અને દિવ્યાંગ વ્યક્તિઓ)ની કાળજી લે છે તથા વિવિધ સ્રોતો (જેમ કે ખોરાક, પાણી અને જાહેર મિલકતો)ની જાળવણી કરે છે.
૫	EV414	જોયેલ અને અનુભવેલ (શાળા/પરિવાર/પડોશની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ/મધ્યાહ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળઅપમાન, સજા, બાળમજૂરી વગેરે) સ્પર્શ (સારો અને ખરાબ) અંગેના અભિપ્રાય આપે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ–૪ પર્યાવરણ ઓગષ્ટ, ૨૦૨૧

સમય : ૧ કલાક કુલ ગુણ : ૨૫

અ.નિ. ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે

(જેમ કે, પરિવહન, ચલણ, રહેઠાણ, સામગ્રી, સાધનો, કૌશલ્યો, ખેતી, બાંધકામ વગેરે)

પ્રશ્ન–૧ આપેલાં વિધાનો અત્યારની કે પહેલાંની ઘટના છે તે ઓળખો. **(૫)**

ઉદા. નદી ઓળંગવા માટે સિમેન્ટનો પુલ બનાવવો. **(અત્યારે)**

પ્રાણી ઉપર સામાન મૂકી વેપાર કરવો. **(પહેલાં)**

(૧) ખેતી માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરવો.

(૨) એક ગામથી બીજા ગામ ચાલીને જવું.

(૩) સ્કૂલબસમાં શાળાએ જવું.

(૪) ઉડનખટોલામાં બેસી પર્વત પર જવું.

(૫) ઘોડા પર બેસી બહારગામ જવુ.

અ.નિ. અવલોકનક્ષમ લક્ષણોને આધારે પ્રાણી , પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન–૨ કોષ્ટકમાં બંધ બેસતી વિગત પ્રમાણે નીચે દર્શાવેલ પ્રાણીઓ/પક્ષીઓનું વર્ગીકરણ કરો. **(૫)**

કાબર, વાઘ, કબૂતર, સાપ, હાથી, ઘુવડ, સિંહ, બગલો, ગરોળી, જિરાફ

કાન દેખાતા હોય તેવાં	કાન દેખાતા ન હોય તેવાં

અ.નિ. પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

પ્રશ્ન–૩ માગ્યા મુજબ લખો.

(૧) પેટ્રોલ/ડિઝલથી ચાલતા કોઈપણ ચાર વાહનોનાં નામ લખો (૧)

(૨) ઈંડાં મૂકતાં પ્રાણીઓની વિશેષતાઓ લખો. (૧)

(૩) પુલ બનાવવા માટે કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે? (૧)

(૪) 'ઉડન ખટોલા' વિશે બે કે ત્રણ વાક્યો લખો. (૨)

અ.નિ. મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ અને માળો બાંધતાં પક્ષીઓના વર્તનોને તેમજ જન્મ , લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે

પ્રશ્ન–૪ નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) ટોળામાં રહેતાં કોઈપણ ચાર પ્રાણીઓનાં નામ લખો. (૨)

(૨) પ્રાણીઓ ટોળામાં શા માટે રહેતાં હશે? (૨)

(૩) મદનિયું ક્યારે ટોળું છોડી દે છે? (૧)

અ.નિ. મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ અને માળો બાંધતાં પક્ષીઓનાં વર્તનોને તેમજ જન્મ , લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે

પ્રશ્ન–૫ નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) ઉદા. આરતી તેના માતાપિતા અને તેની નાની બહેન સાથે રહેતી હતી. આરતીના કાકા એક અઠવાડિયા માટે તેની સાથે રહેવા આવ્યા હતા. તેથી, જ્યારે હવે આરતી તેના પરિવારના સભ્યોની સંખ્યા ગણે છે, ત્યારે તે જુએ છે કે તે ચાર નહીં પણ પાંચ છે. (૫)

આપેલ ઉદાહરણની જેમ કુટુંબના સભ્યોની સંખ્યામાં વધઘટ થવાનાં ચાર કારણો જણાવો.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ–૪ પર્યાવરણ સપ્ટેમ્બર, ૨૦૨૧

સમય : ૧ કલાક કુલ ગુણ : ૨૫

EV૪૦૪ મોટા કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (જેમ કે કીડી, માખી, હાથી વગેરે) અને માળો બાંધતાં પક્ષીઓનાં વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે માનવકુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે. **(પ્રશ્ન નંબર- ૧ અને ૨ માટે)**

પ્રશ્ન–૧ આપેલ પ્રાણીઓનાં મુખ્ય કાર્યો જણાવો. (૫)

(૧) રાણી મધમાખી (૨) કામદાર મધમાખી (૩) રાણી કીડી (૪) સિપાહી કીડી

(૫) કામદાર કીડી

પ્રશ્ન–૨ આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મધમાખીઓ કયા મહિના દરમિયાન ઇંડાં આપે છે? (૧)

(૨) મધમાખીઓ કયો સંકેત આપવા અલગ પ્રકારનું નૃત્ય કરે છે? (૧)

(૩) કામદાર માખીઓ મધ કેવી રીતે બનાવે છે? (3)

EV૪૧૦ પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે. **(પ્રશ્ન નંબર- ૩, ૪ અને ૫ માટે)**

પ્રશ્ન–૩ નીચે આપેલી ખાલી જગ્યા પૂરો. (૫)

(૧) ગુજરાતની સૌથી મોટી નદી _____ છે.

(૨) તાપી નદી _____શહેર પાસે આવેલ છે.

(૩) _____ને કચ્છનું પ્રવેશદ્વાર પણ કહે છે.

(૪) લીચી _____ની ઋતુમાં આવતું ફળ છે.

(૫) હીરાઉદ્યોગ માટે જાણીતું શહેર _____ છે.

પ્રશ્ન–૪ નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) કયા રેલવે સ્ટેશનને 'જંક્શન' કહેવાય? (૨)

(૨) ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે? (૨)

(૩) ગાંધીધામથી વાપી જતાં રસ્તામાં આવતાં ચાર રેલવે સ્ટેશનનાં નામ લખો. (૧)

પ્રશ્ન–૫ આપેલ શબ્દો સમજાવો. (૫)

(૧) ફાટક (૨) અગરિયા (૩) પ્લેટફોર્મ (૪) જિલ્લામથક (૫) ટિકીટ ચેકર